# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 07-Dec-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શુક્રવાર નેશનલ સમાચાર

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, BAPSના કાર્યકરો દ્વારા કરાયેલા માનવતાના કાર્યોના લીધે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો પ્રભાવ અને ક્ષમતામાં વધારો થયો છે.
- ✓ પ્રધાનમંત્રી અને સંરક્ષણમંત્રીએ આજે સશસ્ત્રસેના ધ્વજદિવસ નિમિત્તે જવાનોની વીરતા, શૌર્ય અને તેમના બલિદાનનો ઉલ્લેખ કરીને તેમની પ્રશંસા કરી છે.
- ✓ ભારતે ક્ષય રોગ નાબૂદી ક્ષેત્રે અપનાવેલી બહુ આયામી 100 દિવસની ખાસ ઝુંબેશના લીધે ક્ષય રોગ સામેની લડત વધુ નિર્ણાયક બની છે.
- ✓ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ ઉત્તર ઓડિશામાં છ હજાર 294 કરોડ રૂપિયાના ખર્ચના ત્રણ રેલ્વે પ્રોજેક્ટ સહિત વિવિધ વિકાસકામોનો શિલાન્યાસ કર્યો છે.
- ✓ એન્ફોર્સમેન્ટ વિભાગે આજે અમદાવાદ અને મુંબઇમાં સાત સ્થળે કરેલી દરોડાની કાર્યવાહીમાં સાડા તેર કરોડ રૂપિયાની રોકડ રકમ જપ્ત કરી છે.
- ✓ દુરદર્શનનું વેવ્સ ઓટીટી પ્લેટફોર્મ પરિવારના તમામ સભ્યો માટે સંપૂર્ણ અને આરોગ્યપ્રદ મનોરંજન પુરુ પાડશે તેમ જણાવતા પ્રસારભારતીના વડા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**SUVARNA MAHŌTSAVA BAPS**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, BAPSના કાર્યકરો દ્વારા કરાયેલા માનવતાના કાર્યોના લીધે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો પ્રભાવ અને ક્ષમતામાં વધારો થયો છે. આજે અમદાવાદમાં બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા – BAPSના કાર્યકર સુવર્ણ મહોત્સવમાં વિડિયો કોન્ફરન્સિંગ માધ્યમથી સંબોધતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, BAPSના કાર્યકરોની કામગીરીએ ભારતના સમૃદ્ધ આધ્યાત્મિક વારસાની ક્ષમતાનો પરિચય સમગ્ર વિશ્વને કરાવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે,

(બાઇટ-પીએમ)

સેવા એ ભારતીય સંસ્કૃતિનો મુખ્ય સિદ્ધાંત છે તેમ જણાવીને શ્રી મોદીએ ઉપસ્થિત કાર્યકરોને રાષ્ટ્ર ઘડતર અને સમાજ માટે ઉપયોગી કામગીરી કરવા અપીલ કરી હતી.

BAPS સંસ્થાના વડા મહંત સ્વામીએ ગત જાન્યુઆરીમાં શરૂ કરાવેલ કાર્યકર સુવર્ણ મહોત્સવનું આજે સમાપન થશે. આ પ્રસંગે આશરે 30 દેશોના BAPS ના કાર્યકરોની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થઇ રહ્યા છે.

આ કાર્યક્રમમાં સંસ્થાના વડા મહંત સ્વામી, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## PM & RAJNATH-ARMED FORCES FLAG DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય સંરક્ષણમંત્રી રાજનાથસિંહે આજે સશસ્ત્રસેના ધ્વજદિવસ નિમિત્તે સેનાના જવાનોની વીરતા, શૌર્ય અને તેમણે આપેલા બલિદાનનો ઉલ્લેખ કરીને સેનાના જવાનોની પ્રશંસા કરી છે.

પ્રધાનમંત્રીએ તેમના સંદેશામાં જણાવ્યું છે કે, સેનાના જવાનોની વીરતા અને કામગીરી દરેક દેશવાસી માટે પ્રેરણારૂપ છે. પ્રધાનમંત્રીએ સશસ્ત્ર ધ્વજ દિવસ નિમિત્તે ઉદાર હાથે ફાળો આપવા અનુરોધ કર્યો છે.

તેવી જ રીતે સંરક્ષણમંત્રીએ જણાવ્યું છે કે, ભારતીય સેનાના જવાનોએ આપેલું નોંધપાત્ર યોગદાન અને તેમની વીરતાની સ્મૃતિમાં ધ્વજ દિવસ મનાવવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય સેનાના જવાનોના બલિદાનના સન્માનમાં 7 ડીસેમ્બર, 1949થી પ્રતિવર્ષે સશસ્ત્ર ધ્વજદિવસ મનાવવામાં આવે છે.

## PM- NADDA TB

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારતે ક્ષય રોગ નાબૂદી ક્ષેત્રે અપનાવેલી બહુ આયામી 100 દિવસની ખાસ ઝુંબેશના લીધે ક્ષય રોગ સામેની લડત વધુ નિર્ણાયક બની છે. સોશિયલ મિડિયામાં શ્રી મોદીએ કહ્યું કે, ભારતે ક્ષય રોગના દર્દીઓને અપાતી સારવાર સઘન બનાવવી, જનભાગીદારી, અસરકારક નવી દવાઓ અને ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ જેવી બહુઆયામી બાબતોનો ક્ષય રોગ સામેની ખાસ ઝુંબેશમાં સમાવેશ કર્યો છે.

કેન્દ્રિય આરોગ્યમંત્રી જે.પી.નડ્ડાએ પંચકુલા ખાતેથી દેશવ્યાપી ક્ષય રોગ નાબૂદીની ખાસ ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું કે, ક્ષયરોગ મુક્ત ભારતનું લક્ષ્ય હાંસલ કરવામાં સઘન પ્રયાસ કરાશે અને આ ખાસ ઝુંબેશ લક્ષ્ય હાંસલ કરવામાં મદદરૂપ બનશે. તેમણે કહ્યું કે, ક્ષય રોગના દર્દીઓને દર મહિને એક હજાર રૂપિયાની સહાય અપાય છે. તેમજ તેમને આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આવરી લેવાયા છે.

## AMIT SHAH GUJ. VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બંધારણમાં વર્ણવેલ કલ્યાણ રાજ્યની પરિકલ્પનાને વાસ્તવિકતામાં ફેરવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ભાજપ સરકારની પ્રશંસા કરી છે. અમદાવાદમાં લોકસેવા ટ્રસ્ટના વાર્ષિક સમારોહને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે, ભાજપ સરકાર ગરીબી નાબૂદી, પરવડે

તેવા આવાસ, તબીબી સંભાળ અને શિક્ષણ અને નાગરિકો માટે શ્રેષ્ઠ જીવન પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું લક્ષ્ય ધરાવે છે

અગાઉ શ્રી અમિત શાહે આજે સવારે અમદાવાદમાં 70 બેડની ગ્લોબલ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું હતું.

## REV PRESIDENT- ODISHA

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ ઉત્તર ઓડિશામાં છ હજાર 294 કરોડ રૂપિયાના ખર્ચના ત્રણ રેલ્વે પ્રોજેક્ટ સહિત વિવિધ વિકાસકામોનો શિલાન્યાસ કર્યો છે. આ ત્રણ રેલવે પ્રોજેક્ટોથી કેદુરઝાર અને મયુરભંજ જીલ્લાઓમાં સંપર્ક સઘન બનશે. રાષ્ટ્રપતિએ મયુરભંજ જીલ્લામાં રાયરંગપુર ખાતે આદિજાતી સંશોધન અને વિકાસ કેન્દ્ર યોજના તેમજ આશરે 53 કરોડ રૂપિયાના ખર્ચે 100 બેડ વાળી હોસ્પીટલનો શિલાન્યાસ અને રાયરંગપુર ખાતે ડંડબોસ વિમાનમથકના આધુનિકીકરણ પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો.

અમારા સંવાદદાતા જણાવે છે કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર સમગ્ર દેશના આદિજાતિ સમુદાયના સર્વાંગી વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ત્રણ નવા રેલવે માર્ગો શરૂ થતાં સંબંધિત વિસ્તારના વિકાસને અને રોજડગારીની નવી કોને બળ મળશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.**

## ED-RAIDS

એન્ફોર્સમેન્ટ વિભાગના અધિકારીઓએ આજે અમદાવાદ અને મુંબઇમાં સાત સ્થળે કરેલી દરોડાની કાર્યવાહીમાં સાડા તેર કરોડ રૂપિયાની રોકડ રકમ જપ્ત કરી છે.

બેંક ઓફ મહારાષ્ટ્ર અને નાસિક મર્ચન્ટ સહકારી બેંકના ખાતામાં થયેલા આર્થિક વ્યવહારોની તપાસમાં વિવિધ કંપનીઓને કરોડો રૂપિયાનું કરાયેલ હસ્તાંતરણની વિગતો મળી આવી છે. સંબંધિત બેંકોમાં કાર્યરત બનાવટી સંસ્થાઓના ખાતામાંથી ઉપાડવામાં આવેલ રકમ અમદાવાદ, સુરત અને મુંબઇના હવાલા ઓપરેટરોને આપવામાં આવી હોવાની જાણકારી મળી છે.

## PRASAR BHARTI CHAIRMEN DDK VISIT

પ્રસાર ભારતીના ચેરમેન નવનીત સહગલે જણાવ્યું હતું કે, દુરદર્શનનું વેવ્સ ઓટીટી પ્લેટફોર્મ પરિવારના તમામ સભ્યો માટે સંપૂર્ણ અને આરોગ્યપ્રદ મનોરંજન પુરુ પાડશે અને જાહેર પ્રસારણકર્તાને તેની પહોંચને વધુ પ્રેક્ષકો સુધી વિસ્તારવામાં મદદ કરશે.

આજે અમદાવાદ દુરદર્શન કેન્દ્રની મુલાકાત દરમિયાન શ્રી સહગલે કેન્દ્રની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વેવ્સ ઓટીટી માત્ર નવી સામગ્રી જ નહીં પરંતુ દર્શકોને દૂરદર્શનના જૂના ક્લાસિક અને લોકપ્રિય કાર્યક્રમોનો આનંદ માણવાની તક પણ પ્રદાન કરશે.

**(બાઇટ- નવનીત સહગલ- પ્રસાર ભારતીના ચેરમેન)**

## DAY HOCKEY-ASIA CUP 2024

જુનિયર હોકી એશિયા કપ સ્પર્ધાનો આજથી ઓમાનના મસ્કત ખાતે આરંભ થયો છે. આ સ્પર્ધામાં મહિલા ખેલાડીઓની 10 ટીમો ભાગ લઇ રહી છે. વર્ષ 2025માં ચીલી ખાતે યોજાનાર જુનિયર વિશ્વકપ હોકી સ્પર્ધા માટે પાત્રતા મેળવવા એશિયા સ્તરની આ સ્પર્ધા મહત્વની છે. આ સ્પર્ધામાં એ જૂથમાં ભારત ઉપરાંત ચીન,

મલેશિયા, થાઇલેન્ડ અને બાંગ્લાદેશનો સમાવેશ કરાયો છે. ભારતીય ટીમના સુકાની જ્યોતિસિંહ અને ઉપસુકાની સાક્ષી રાણા છે.

આજે રમાયેલી પહેલી મેચમાં ચીને બાંગ્લાદેશ સામે 19-0 ગોલથી વિજય મેળવ્ય છે. આવતીકાલે બાંગ્લાદેશની ટીમ સામે ભારતીય મહિલા હોકી ટીમ સ્પર્ધાની પહેલી મેચ રમશે.

## REV CRICKET-IND VS AUS

એડેલેડમાં ચાલી રહેલી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની બીજી ક્રિકેટ ટેસ્ટમેચમાં ઓસ્ટ્રેલિયાએ પકડ મજબૂત બનાવી છે. ભારતના પહેલી ઇનિંગના 180 રનના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ ટ્રેવિસ હેડના 140 રનની મદદથી 337 રન નોંધાવતા ઓસ્ટ્રેલિયાએ પહેલી ઇનિંગમાં 157 રનની સરસાઇ મેળવી હતી. ભારત વતી મોહંમદ સિરાજ અને જસપ્રિત બુમરાહે દરેકે 4-4 વિકેટો ઝડપી હતી. આજે બીજા દિવસની રમત બંધ રહી ત્યારે ભારતે બીજી ઇનિંગમાં પાંચ વિકેટે 128 રન નોંધાવ્યા છે. પહેલી ઇનિંગની ઓસ્ટ્રેલિયાની સરસાઇ કાપવા ભારતને હજી 29 રનની જરૂર છે.